| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૮–૦૭–૧૯૯૩ |
| નોંધણી તારીખ | ૨૮–૦૭–૧૯૯૩ |
| ફેંસલ તારીખ | ૦૬–૦૪–૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ.....માસ..... દિવસ... |

## મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૭, અમદાવાદ.

ફોજદારી કેસ નંબર :– ૧૭૩૭/૧૯૯૩

આંક :–

**<u>ફરીયાદી</u>** :– શ્રી સરકાર

**વિ રૂ દ્ધ**

**આરોપીઓ:–**

1) **MAGANBHAI KALUBHAI MARATHI**
Address - SIDHESHWARI SOC., C22, HARIPURA, AMRAIWADI ,AHMEDABAD
2) **KALPESH MAGANBHAI MARATHI (એબેટ)**
SIDHESHWARI SOC., C22, HARIPURA, AMRAIWADI ,AHMEDABAD
3) **FIROZKHAN HABIBKHAN PATHAN**
ASTODIYA DARWAJA, KOT NI RANG, RANG VALA NO DELO, MAKAN NO 772,AHMEDABAD
4) **GHANSHYAMKUMAR GOVINDBHAI PATEL**
KHOKHARA GAM , KHARI KUI NO KHANCHO, AMRAIWADI ,AHMEDABAD
5) **ISHAMUDIN NURMAHMAD SHEKH**
ASTODIYA DARWAJA, KOT NI RANG , PURABIYA VADA,AHMEDABAD
6) **VIJAY JAGANATH PRAJAPATI**
862, SUTARIYA POLE, GOLVAD, KHADIYA, RAYPUR ,AHMEDABAD

**(આરોપી નં. ૬ ની ચાર્જશીટ અલગ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.)**

**એ ડ વો કે ટ સ** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી પી.ડી.પંડયા

આરોપી પક્ષે વિ.વ.શ્રી એન.એમ.બેન્કર

**ગુનો :– ધી.આર્મ્સ એકટ કલમ ૨૫(૧)**

**તથા બી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ**

'' જ જ મે ન્ટ ''

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૮/૦૨/૯૩ કલામ ૧/૦૦ વાગે સિધ્ધેબારી સોસાયટી ના મકાન નં. સી/૨૨ માં ગેરકાયદેસર વગર પાસ પરમીટે કે લાયસન્સ વગર દેશી બનાવની રિવોલ્વર આરોપી નં. ૧,૨ નાઓ આરોપી નં. ૩,૪,૫,૬ તથા નહી મળેલ આરોપીઓની મદદથી રાખી પકડાઈ જઈ **ધી.આર્મ્સ એકટ કલમ ૨૫(૧) તથા બી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ**નો ગુનો કરેલ છે. તે મતલબની ફરીયાદ ફરીયાદીએ આપતા સદર ગુનો અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ. તે સંદર્ભે તપાસ કરનાર અમલદારે જરૂરી કાર્યવાહી હાથ ધરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરતા હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) આરોપીઓ જામીન ઉપર મુકત થયેલ હોઈ, તેમને સમન્સ કાઢતા મુદતે કોર્ટ સમક્ષ હાજર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ સામેનો ગુનો વોરંટ ટ્રાયેબલ હોઈ આરોપીઓ સામે આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક–૦૪ થી ૦૭ પ્લી લેતા, તેઓએ ગુનાનો ઈન્કાર કરેલ છે. તેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે મારી સમક્ષ નીચે મુજબના લેખિત તેમજ મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવાક**

| | |
|---|---|
| આંક–૦૮ થી | ફરીયાદ |
| આંક–૦૯ થી | પંચનામુ |
| આંક–૧૦ થી | પંચનામુ |
| આંક–૧૧ થી | પંચનામુ |
| આંક–૧૨ થી | પંચનામુ |
| આંક–૧૩ થી | સાહેદ નં. ૫ નો સમન્સ પરત |
| આંક–૧૪ થી | સાહેદ નં. ૨ નો સમન્સ પરત |
| આંક–૧૫ થી | સાહેદ નં. ૯ નો સમન્સ પરત |
| આંક–૧૬થી | સાહેદ નં.૧૦ નો સમન્સ પરત |

આંક–૧૭થી સાહેદ નં.૪ નો મરણ સર્ટી

આંક–૧૮થી ફરીયાદીનો સમન્સ પરત

આંક–૧૯થી સાહેદ નં. ૧૧ નો સમન્સ પરત

આંક–૨૦થી સાહેદ આઈ .ઓ નો સમન્સ પરત

આ સિવાય ફરીયાદપક્ષે વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવાઓ રજુ કરેલ નથી.

(૪) આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય સાહેદોને નામદાર કોર્ટ દ્વારા જરૂરી પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલા છે પરંતુ તેવા સાહેદોને ફરીયાદપક્ષ હાજર રાખી શકેલ નથી. ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમઃ૩૧૩ અન્વયે આરોપીઓનુ વિશેષમાં નિવેદન નોંધતા આરોપી પોતે નિર્દોષ હોય છોડી મુકવા અરજ કરેલ છે અને પોતે વધુમાં પુરાવો રજૂ કરવા માંગતા ન હોવાનું જણાવે છે. ત્યારબાદ બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૫) આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિ:શંક રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૮/૦૨/૯૩ કલામ ૧/૦૦ વાગે સિધ્ધેબારી સોસાયટી ના મકાન નં. સી/૨૨ માં ગેરકાયદેસર વગર પાસ પરમીટે કે લાયસન્સ વગર દેશી બનાવની રિવોલ્વર આરોપી નં. ૧,૨ નાઓ આરોપી નં. ૩,૪,૫,૬ તથા નહી મળેલ આરોપીઓની મદદથી રાખી પકડાઈ જઈ **ધી.આર્મ્સ એકટ કલમ ૨૫(૧) તથા બી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ**ગુનો કરેલ છે.

૨) શું હુકમ ?

(૬) આ કામે ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

## કારણો

ફરીયાદપક્ષ ધ્વારા પોતાનો કેસ તમામ પ્રકારની વ્યાજબી શંકાથી પર પોતાનો કેસ પુરવાર કરવા માટે પોતાના ઠોસ અને મજબુત વ્યાજબી શંકાથી પર પુરાવા રજુ કરવા જોઈએ. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે કોઈજ ઠોસ પુરાવા રજુ કરેલ નથી

આમ ફરીયાદ પક્ષના પુરાવાના તબકકે આ કામના શાહેદોને સમન્સ/વોરંટ કરવા છતાં અપુરતા સરનામાના અભાવે અથવા બીજી જગ્યાએ રહેવા ચાલ્યા ગયેલ હોઈ, અથવા મરણ ગયેલ હોય , એનેકેન પ્રકારે તેઓને ફરીયાદ પક્ષે અથાક પ્રયત્નો કરવા છતા હાજર રખાવી શકેલ નથી જેથી તેઓનો પુરાવો રેકર્ડ

ઉપર ફરીયાદ પક્ષે રજુ રખાવી શકેલ નથી. જેથી એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

આમ, ઉપરોકત તમામ સંજોગો અને હકીકતો તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલ તમામ પુરાવો ધ્યાનમા લેવામા આવે તો, તેવી જ રીતે ફરીયાદ પક્ષે અન્ય શાહેદોને તપાસવા માટે અથાક પ્રયત્નો કરેલ હોવા છતાં એક યા બીજા કારણોસર તેઓ મળી આવતાં નહોય અથવા મરણ ગયેલ હોય કે મકાન છોડી બીજી કોઈ જગ્યાએ રહેવા ચાલ્યા ગયેલ હોય તેવા શેરા સાથે શાહેદ સમન્સ/વોરંટો પરત આવતા હોય , ફરીયાદ પક્ષે તેઓનો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આમ રેકર્ડ ઉપરના પુરાવાથી સદર કામે કોઈ પંચશાહેદોને તપાસવામાં આવેલ હોય કે કોઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામું કરેલ હોય , કે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવું પણ રેકર્ડ ઉપરના પુરાવાથી જણાઈ આવતું નથી. માત્ર ફરીયાદ અને પંચનામા બચાવપક્ષ તર્ફે આંકે પાડવા સંમતી આપેલ છે સદરહુ દસ્તાવેજ ને સાહેદો ને અદાલત સમક્ષ તપાસેલ નથી. જેથી તેઓની જુબાની ની સદરહું ફરીયાદીની હકિકત રેકર્ડ પર આવેલ નથી. ફરીયાદપક્ષ ના સાહેદ સુરેસ ભોલારામ વર્મા ને આંક–૧૩ થી સમન્સ કારતા તેઓ મળી આવેલ નથી તથા આંક–૧૪ થી સાહેદ સતનામસીંગ અજીતસીંગ છાબડા ને સમન્સ કરતા મળી આવેલ નથી તથા આંક–૧૫ થી સાહેદ ખુમાનસીગ દેવી સીગ વાઘેલા ને સમન્સ કરતા તેઓ મળી આવેલ નથી તથા આંક–૧૬ થી સાહેદ સરોજબેન ઠકોરભાઈ ને સમન્સ કરતા તેઓ મળી આવેલ નથી તથા આંક–૧૭ થી સાહેદ લશ્મનભાઈ પ્રતાપભાઈ બારીયા ને સમન્સ કરતા તેઓનો મરણનો સર્ટી રજુ થયેલ છે તથા આ કામના ફરીયાદી શ્રી સ.ત.બી.એન વાઘેલા ને આંક–૧૮ થી સમન્સ કરતા તેઓ મળી આવેલ નથી તથા આ કામના સાહેદ ત.ક.શ્રી ઓ.એમ.રાવલ ને આંક–૧૯ થી સમન્સ કરતા તેઓ મળી આવેલ નથી તથા આંક– ૨૦ થી આઈ.ઓ.આર.એન જોષી ને સમન્સ કરતા તેઓ મળી આવેલ નથી. આમ વાંરવાર ફરીયાદી તથા સાહેદો તથા પંચ સાહેદો ને સમન્સ કરતા તેઓ મળી આવેલ નથી એવા શેરા થી તેઓનો સમન્સ પરત છે. આ કામ ઘણું જુનુ ૧૯૯૩ ની સાલનુ છે. હાલમાં જુના કેસોનો ભરાવો જોતાં અને વખતો વખતો જુના કેસોનો ઝડપી નિકાલ કરવા માટેની નામદાર ઉચ્ચ–અદાલત ધ્વારા કરેલ ઝુબેશ જોતાં પણ સદરહું કામ જુનુ હોય અને સાક્ષીઓ મળી આવતા ના હોય બિનજરૂરી લંબાય છે. આરોપીઓને ઈન્સાફી કાર્યવાહી ઝડપી ચલાવવા માટે નો સંવિઘાન ધ્વારા અધિકાર પ્રાપ્ત થયેલ છે ફરીયાદપક્ષના સાક્ષીઓને હાજર રખાવવા માટે અદાલત ધ્વારા પુરતા પ્રયત્ન કરેલ છે . પંરતુ સાહેદો મળી આવેલ નથી. નામ.ઉચ્ચ અદાલત તથા નામ.સર્વોચ અદાલત ધ્વારા જુના કેસો ઝડપથી ચલાવવા માટે નોટીફીકેશન પણ કરેલ અને વી.સી થી સુચનાઓ પણ આપેલ

છે  ત્યારે ફરીયાદપક્ષે સાહેદો મળી આવતા ન હોઈ બિનનરૂરી રીતે સદર કામ લંબાવવા થી આરોપીના ઝડપી ન્યાયના અધિકારને પણ  નુકશાન પહોચે છે. ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી દ્વારા પણ સદરહું કામે પુરાવાનો હક્ક બંધ કરવા માટે મૌખિક સંમતિ આપેલ છે. આરોપી વિરુદ્ધ અદાલત સમક્ષ રજુ થયેલ પુરાવામાં આરોપીઓએ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રિવોલવર રાખી ગુનો કરેલ હોય તેવો કોઇ પુરાવો અદાલતનાં રેકર્ડ પર આવેલ નથી. આ કામે મુદ્ધામાલ હથિયાર અદાલત સમક્ષ રજુ થયેલ નથી કે ફરિયાદી દ્વારા ઓળખી બતાવેલ નથી તેમજ આર્મ્સ એકટ કલમ ૩૯ મુજબ ચાર્જશીટ દાખલ કરવા માટે જીલ્લા મેજીશ્રી ની પરવાનગી પણ મેળવેલ નથી તેમજ પોલીસ કમિશ્નરશ્રીનું જાહેરનામું બનાવનાં દિવસે અને સમયે અલમ માં હતુ તે દર્શાવવા માટે પોલીસ કમીશ્રનરશ્રીની કચેરીનાં માહિતગાર ઇસમને તપાસી પુરવાર કરેલ નથી. ફરિયાદપક્ષે રજુ ફરીયાદ અને પંચનામા આંકે  પાડવા બચાવપક્ષે સંમતિ આપેલ છે પરંતું, ફરિયાદી, ફરીયાદીની કે સાહેદો કે પંચસાહેદો જુબાનીથી ઉપરોક્ત તમામ દસ્તાવેજોને પુરવાર કરેલ નથી. જેથી  તેઓના મૌખિક પુરાવાના અભાવે ઉપરોક્ત દસ્તાવેજોનાં કન્ટેઇન પુરવાર થયેલ નથી. આમ, ઉપરોકત તમામ હકિકતે આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ  મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપી તહોમત મુજબનો ગુન્હો કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ  ઉપર  લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમ મારુ નમ્રપણે  માનવું છે.  જેથી આ કામના આરોપીઓએ તા.૦૮/૦૨/૯૩ કલામ ૧/૦૦ વાગે સિધ્ધેબારી સોસાયટી ના મકાન નં. સી/૨૨ માં ગેરકાયદેસર વગર પાસ પરમીટે કે લાયસન્સ વગર દેશી બનાવની રિવોલ્વર આરોપી નં. ૧,૨ નાઓ આરોપી નં. ૩,૪,૫,૬ તથા નહી મળેલ આરોપીઓની મદદથી રાખી પકડાઈ જઈ **<u>ધી.આર્મ્સ એકટ કલમ ૨૫(૧) તથા બી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ</u>** સજાને પાત્ર ગુન્હા કરેલા છે  કે કેમ ? તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય જેથી મુદદા નં.૧ નો મારો નિર્ણય  'નકારમાં ' આપી મુદદા નં.૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## <u>'' હુ ક મ ''</u>

આ કામે આરોપીઓ **1) MAGANBHAI KALUBHAI MARATHI 3) FIROZKHAN HABIBKHAN PATHAN 4) GHANSHYAMKUMAR GOVINDBHAI PATEL 5) ISHAMUDIN NURMAHMAD SHEKH 6) VIJAY JAGANATH PRAJAPATI**

નાઓને તેમની સામેના **<u>ધી.આર્મ્સ એકટ કલમ ૨૫(૧) તથા બી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ</u>** ના ગુનામાથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

આપીલ સમયે વિતયા પછી મુદામાલ નાશ કરવાનો હુકમ કરાવા મા આવે છે.

આરોપીઓ ને આ ચુકાદા સામે અપીલ થાય તો અપીલ કોર્ટમાં હાજર રહેશે, તે રીતે છ માસ માટે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭ એ અન્વયે રૂ.૧૫,૦૦૦/– ના જામીન આપવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

**તારીખ :૦૬/૦૪/૨૦૨૪**
**અમદાવાદ.**

**(કુ.શબાના અબ્દુલકાદર મન્સુરી)**
**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ**
**કોર્ટ નં.૭, અમદાવાદ**
**કોડ નં. જીજે૦૧૦૨૪.**